# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ, તા. ૨૫/૧૨/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ભારતીય જનતા પાર્ટીના પ્રેરણાસ્ત્રોત, ભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મ દિવસે "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે "ગાયત્રી હવન"નો કાર્યક્રમ યોજાયો.**
- **શ્રી વાજપેયીજીના દીર્ઘ આયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓએ મંગલ શુભકામના પાઠવી.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટીના પ્રેરણાસ્ત્રોત, ભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મ દિવસ નિમિત્તે સોમવારે સવારે ૯:૦૦ કલાકે ઉધના સ્થિત "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય ખાતે "ગાયત્રી હવન"નો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમ્યાન "ગાયત્રી હવન"માં હજારો આહુતી આપવામાં આવી. આદરણીય શ્રી વાજપેયીજીના દીર્ઘ આયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓએ મંગલ શુભકામના પાઠવી હતી.

સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું હતું કે આદરણીય શ્રી અટલ બિહારી વાજપેયીજી અમારા આદર્શ અને પ્રેરણાસ્ત્રોત છે. તેઓ ધ્વારા રચાયેલી કવિતાઓ આજે પણ ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તાઓમાં નવી ચેતના, ઉમંગ અને દેશ માટે કંઈક કરી છુટવાની પ્રેરણા પુરી પાડે છે. શહેર અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આદરણીય શ્રી વાજપેયીજીએ તેઓના કાર્યકાળમાં અનેક જન કલ્યાણકારી યોજનાઓ લોકોને આપી હતી. આ યોજનાઓ થકી લોકો પગભર થઈ આજે સુખી જીવન વિતાવી રહ્યા છે. લોકો આજે પણ આદરણીય શ્રી વાજયેયીજીને યાદ કરે છે. આજે અમો સૌ અહીં ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલા "ગાયત્રી હવન" થકી તેઓના દીર્ઘ આયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે મંગલ કામના કરીએ છીએ.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર ખાતે યોજાયેલા "ગાયત્રી હવન"ના કાર્યક્રમ દરમ્યાન 'ગાયત્રી પરિવાર'ના શ્રીમતી લીલાબેન પંચાલ, શ્રીમતી તારાબેન દેસાઈ તથા ઉર્વશીબેન જોષીનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

આજના કાર્યક્રમમાં ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સુરત શહેરના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ / મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

